BRAMPTON Flower City
brampton.ca

media release

ડિસેમ્બર 13, 2018

## બ્રામ્પટનના વર્ષ 2019 નાં કમ્યુનિટી ગ્રાન્ટ પ્રોગ્રામની અરજી પ્રક્રિયા હવે શરૂ થઈ છે

બ્રામ્પટન, ઓન્ટેરિયો – સીટી ઓફ બ્રામ્પટન, વર્ષ 2019 નાં કમ્યુનિટી ગ્રાન્ટ પ્રોગ્રામ મારફતે સ્થાનિક સામુદાયિક સંસ્થાઓને નાણાકીય સહાયતા આપવાનું છે. બ્રામ્પટન-સ્થિત, નફો નહિ રળતી (નોટ-ફોર-પ્રોફિટ) સંસ્થાઓ અને નોંધાયેલી ચેરીટી સંસ્થાઓ જેઓ આ કાર્યક્રમનો ભંડોળ મેળવવાને પાત્ર હોય તેઓને જાન્યુઆરી 31, 2019 પહેલાં ભંડોળ મેળવવા અરજી કરવા આમંત્રિત કરવામાં આવે છે.

**ભંડોળ પ્રવાહો**

- તહેવારો અને પ્રસંગો
- કળા અને સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રોજેક્ટ્સ અને ક્ષમતા ઊભી કરવી
- રિક્રિએશન (મનોરંજન) અને સક્રિય જીવન
- સ્પોર્ટ ટુરિઝમ આયોજન
- પાડોશમાં પહેલ
    - નોંધ: *પાડોશમાં પહેલ સંબંધિત અરજી પ્રક્રિયા જાન્યુઆરી 3, 2019 નાં રોજ શરૂ થશે. અરજીઓની સમીક્ષા કેલેન્ડર વર્ષ પૂરું થતા સુધી અથવા તમામ ભંડોળ ખર્ચાઈ ના જાય ત્યાં સુધી દરેક મહિનાના અંતે કરવામાં આવશે.*

રસ ધરાવતા અરજદારો આ કાર્યક્રમ અને અરજી કરવાની રીત વિશે વધુ માહિતી કમ્યુનિટી ગ્રાન્ટ કોર્ડિનેટરને મળીને (એપોઇન્ટમેન્ટથી), અથવા માહિતી સત્રમાં આવીને મેળવી શકે છે. આ માહિતી સત્રો સમગ્ર બ્રામ્ટનમાં સ્થાનિક રિક્રિએશન સેન્ટર્સમાં (મનોરંજન કેન્દ્રોમાં) ડિસેમ્બર 17, 2018 થી જાન્યુઆરી 24, 2019 સુધી ચાલશે. સમય અને સ્થળો માટે વેબસાઇટ જુઓ, www.brampton.ca/communitygrants.

“બ્રામ્પટનની સામુદાયિક સંસ્થાઓ આપણાં શહેરમાં ગતિશીલ સાંસ્કૃતિક જીવનને મોટો ફાળો આપે છે,” મેયર પૅટ્રિક બ્રાઉને જણાવ્યું. “સામુદાયિક ગ્રાન્ટ પ્રોગ્રામ રહેવાસીઓને ગમતા પ્રસંગો અને પહેલો માટે સીધી અને વાસ્તવિક સહાયતા પૂરી પાડે છે.”

આ શહેર, વર્ક ઈન કલ્ચર સાથેની ભાગીદારીમાં, બે વર્કશોપ્સનું આયોજન કરીને સ્થાનિક સંસ્થાઓને પોતાની ગ્રાન્ટ-રાઈટિંગ (અનુદાન-લેખન) કુશળતાઓ વિકસાવવામાં અને ભંડોળ મેળવવાની બાંહેધરીના સંબંધમાં વધુ શીખવામાં મદદ કરશે:

- ***સ્પોન્સરશિપની બાંહેધરી પાછળનું રહસ્ય*** જેશન મેઘાનોવ (Jason Maghanov) સાથે
  જાન્યુઆરી 7, 2019 નાં રોજ સાંજે 6-રાત્રે 9 સુધી બ્રામ્પટન લાઈબ્રેરી, સીરિલ ક્લાર્ક બ્રાંચ
  20 લૉફર્સ લૅક લૅન, બ્રામ્પટન, ON L6Z 1X9
- ***ગ્રાન્ટ્સમૅનશિપ 101*** ડાએન ડૅવી (Diane Davy*) સાથે*
  જાન્યુઆરી 12, 2019 નાં રોજ સવારે 10-બપોરે 1 સુધી, સીટી હૉલ વેસ્ટ ટાવર
  55 જ્યોર્જ સ્ટ્રીટ સાઉથ, બ્રામ્પટન, ON L6Y 1L9

સીમિત જગ્યા હોવાને લીધે નોંધણી કરાવવી જરૂરી છે. વર્કશોપ નોંધણી અહીં શક્ય છે www.brampton.ca/communitygrants.

કમ્યુનિટી ગ્રાન્ટ પ્રોગ્રામની અગ્રતા એ સામુદાયિક પ્રવૃત્તિઓને સહાયતા કરવાની છે જેઓ બ્રામ્પટનના વૈવિધ્યસભર સમુદાયોની ઉજવણીઓ કરવા પર ધ્યાન આપતી હોય જ્યારે સામેલગીરી અને જોડાણો અને સામુદાયિક ચાહના અને નાગરિકોમાં ગૌરવ ઊભું કરવામાં પ્રોત્સાહન મેળવતી હોય. ભંડોળની મંજૂરી માટેની ભલામણો સીટી કાઉન્સિલ પાસે ફેબ્રુઆરી 2019 માં મોડેથી મેળવવામાં આવશે.

BRAMPTON Flower City
brampton.ca

media release

-30-

**બ્રૅમ્પટન વિશાળ આયોજનો વિષે વિચારે છે.** અમે તીક્ષ્ણ ફોકસ ધરાવતા ભવિષ્ય માટે તૈયાર સંગઠન છીએ. અમે જાણીએ છીએ કે આપણા સમુદાયની વૃદ્ધિ, યુવાની અને વૈવિધ્ય આપણને અલગ ઓળખ પ્રદાન કરે છે. અમે કૅનેડાના ઈનોવેશન સૂપર કૉરિડોર ખાતે સ્થિત છીએ જ્યાં રોકાણોને પ્રોત્સાહિત કરીએ છીએ અને વૈશ્વિક સ્તરે અમારી સફળતામાં વૃદ્ધિ કરી રહ્યા છીએ. અમે બનાવી રહ્યા છીએ એવા ગતિશ઼ીલ શહેરી કેન્દ્રો જે તકોનો તણખો ચાંપે છે અને અહીં કામ કરતા લોકોમાં ગૌરવની લાગણીનો સંચાર કરે છે. અમે બ્રૅમ્પટનને આગળ ધપાવી રહ્યા છીએ જેથી તે એક જોડાણ ધરાવતું શહેર બને જે પ્રવર્તનાત્મક, વ્યાપક અને સાહસિક હોય. અમને Twitter, Facebook, અને Instagramપર અનુસરો. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.


**મિડિયા સંપર્ક :**

ਮੋਨਿਕਾ ਦੁੱਗਲ (Monika Duggal)

ਕੋਆਰਡੀਨੇਟਰ, ਮੀਡੀਆ ਐਂਡ ਕਮਿਉਨਿਟੀ ਐਨਗੇਜਮੈਂਟ

ਸਟ੍ਰੈਟਜਿਕ ਕਮਿਉਨਿਕੇਸ਼ਨ

ਸਿਟੀ ਆਫ ਬ੍ਰੈਂਪਟਨ

905-874-3426 | Monika.Duggal@brampton.ca